# વિક્રમ સારાભાઈ જન્મજયંતિ અંતર્ગત બાલ વૈજ્ઞાનિકોની વીડિયો સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર ના ઉપક્રમે ભારતના પનોતા પુત્ર અને અવકાશ વૈજ્ઞાનિક ડૉ.વિક્રમ સારાભાઈની ૧૨ મી ઓગસ્ટે જન્મ જયંતિ છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે.

કોરોનાની મહામારીને કારણે આ વર્ષે વિક્રમ સારાભાઈની જન્મ જયંતિ અલગ રીતે યોજાવાની છે. ધોરણ ૫ થી ૧૦ સુધીના બાળકો ભાગ લઈ શકશે . આ કાર્યક્રમાં શાળાના વિદ્યાર્થીઓ પોતાના ગમતા ભારતીય અથવા વિદેશી વૈજ્ઞાનિકોની વેશ ભૂષા પહેરીને તેમને કરેલી શોધો તેમજ જીવનગાથા વિષે ૨ થી ૩ મીનીટનો વીડિઓ ઘરેથી બનાવશે. આ કાર્યક્રમમાં ડૉ.વિક્રમ સારાભાઈ,અબ્દુલ કલામ,સ્ટીફન હોકીન્સ,હોમીભાભા,કલ્પના ચાવલા,સુનીતા વિલ્યમ્સ,થોમસ આલ્વા એડીશન,આઈન્સ્ટાઈન, જેવા વૈજ્ઞાનિકોના વિદ્યાર્થીઓ બનશે અને માનવ સુખાકારી માટે પોતે કરેલી શોધો અને તેની ઉપયોગીતા વિષે સમજાવશે.

ભાગ લેવા માટેની યોગ્યતા - (કેટેગરી-૧, ધોરણ - ૫ થી ૭), ( કેટેગરી-૨, ધોરણ - ૮ થી ૧૦) રહેશે. વીડિઓ તારીખ ૭ ઑગસ્ટ થી ૧૨ ઑગસ્ટ સુધી WHATSAPP NO- ૯૪૨૬૬ ૩૫૨૧૫ પર મોકલી શકાશે. સ્પર્ધકે વીડિઓની સાથે પોતાનું પૂરું નામ, શહેરનું નામ, ધોરણ,મોબાઈલ નંબર તથા પોતે પસંદ કરેલ વૈજ્ઞાનિકનું નામ અવશ્ય મોકલવાનો રહેશે. પસંદ કરેલ વૈજ્ઞાનિક ને અનુરૂપ વેશ-પરિધાન હોવું આવશ્યક છે. વૈજ્ઞાનિકની વેશભૂષા,વિષય વસ્તુ, રજૂઆત કરવાની રીતને ધ્યાનમાં રાખીને વિજેતા જાહેર કરવામાં આવશે. સ્પર્ધક પોતાની રજૂઆત ગુજરાતી,હિન્દી, અંગ્રેજી ભાષામાં કરી શકશે. રજૂઆત પૂર્વે સ્પર્ધકે પોતાનું નામ, ધોરણ, શહેર તથા પોતે પસંદ કરેલ વૈજ્ઞાનિકનું નામ રજુ કરવું ફરજિયાત છે. વિજેતાઓની યાદી તારીખ ૧૬ ઑગસ્ટના રોજ જાહેર કરવામાં આવશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ડીજીટલ પ્રમાણપત્ર તથા બંને કેટેગરીમાં બેસ્ટ રજૂઆત કરનાર પ્રથમ ત્રણ બાલ વૈજ્ઞાનિકોને ૫૦૦/,૩૦૦/,૨૦૦/- રૂ! રોકડ ઈનામ આપવામાં આવશે.

# જાયન્ટસ્ ગ્રુપ દ્વારા ઉમિયા સંસ્થાન ખાતે વૃક્ષારોપણ




ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના ૫૬મા જન્મદિને ઉમિયા સંસ્થા, સેકટર-૧૨, જાટન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા મનપા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઉમિયા સંસ્થાન સે-૧૨ કેમ્પસની બહારની ફ્રન્ટ સાઈડની ગ્રીલ ફેન્સિંગની બહારના વોકિંગ પાથ ઉપર ૧૦ થી ૧૪ ફૂટ, મોટા બોટલપામ, બોરસલ્લી, લાલ ચંપો, સફેદ ચંપો જેવા સુશોભિત વૃક્ષો પર ટ્રી ગાર્ડ મૂકી વાવણી કરી હતી. જેમાં મનપાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ડે. મેયર, નાઝાભાઈ, ઉમિયા સંસ્થાના અધ્યક્ષ બળદેવભાઈ પટેલ, પ્રમુખ ભરતભાઈ પટેલ, મંત્રી ભોળાભાઈ પટેલ, જાયન્ટસ્ વેલફેર ફાઉન્ડેશનના બ્રાન્ચ પ્રમુખ બી એમ પટેલ ઉ.પ્ર. સાંકાભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ, જે ડી દાદા વિ. દ્વારા ઉત્સાહપૂર્વક સો ટકાની માવજત સાથેના ઉછેરની ટીમ સ્પીરીટથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

ભરૂચ-અંકલેશ્વર સહિતના વિસ્તારોની કાયાપલટ કરનારી

# ભાડભૂત બેરેજ યોજનાનો શુભારંભ વિડીયો કોન્ફરન્સથી કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સફળ શાસનના પાંચમા વર્ષમાં પ્રવેશ અવસરે રૂ. ૫૩૦૦ કરોડની બહુહેતુક ભાડભૂત યોજનાનો નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા સાથે જળ આત્મનિર્ભર અને વોટર સરપ્લસ સ્ટેટ બનવા માટે આધુનિક તકનીક સાથે આ યોજના વર્લ્ડ ક્લાસ આઈકોનિક પ્રોજેક્ટ તરીકે ગુજરાતને વિશ્વના વોટર પ્રોજેક્ટ નકશે પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પાણીદાર ગુજરાતની નેમ આ ભાડભૂત યોજનાથી સાકાર થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ મોટો પ્રોજેકટ આવનારા દિવસોમાં ગુજરાત મોડેલ બનશે એમ પણ તેમણે કહ્યું હતું. વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે નર્મદાના કિનારે વસેલા ભરૂચ, અંકલેશ્વર સહિતના વિસ્તારોમાં આ ભાડભૂત યોજના મીઠા પાણી પહોચાડવા સાથે ખારાશ આગળ વધતી અટકાવવા અને સિંચાઈ તેમજ ઉદ્યોગોને પણ પૂરતું પાણી આપવામાં ઉપકારક બનવાની છે. મુખ્યમંત્રીએ આ યોજનાના




ટેન્ડરમાં ફૂલપ્રૂફ પારદર્શિતા સાથે બધી જ ટેકનિકલ બાબતોની સર્વગ્રાહી ચકાસણી કરીને મંજુર કરવામાં આવ્યા છે તેની પણ વિગતો આપી હતી. તેમણે ૨૧ હજાર એમ.સી.એફ.ટી પાણી આ યોજનાથી મળતું થશે અને હજીરા દહેજ વચ્ચે ૬ લેન બ્રિજ બનતા ૧૮ કી.મી અંતર ઘટશે. એટલું જ નહિ, ફીશિંગની પણ અલગ ચેનલ ઊભી થતાં માછીમારીને પણ વેગ મળશે તેમ પણ ભરૂચ જિલ્લાને આ યોજનાના શુભારંભ પ્રસંગે અભિનંદન આપતા ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ નર્મદા પરિક્રમાની મહત્તા વર્ણવતા એમ પણ જણાવ્યું કે આ ભાડભૂત યોજના સાકાર થતાં પરિક્રમા રૂટ પરના સ્થળોના કાંઠા ઘસાતા પણ રોકાશે. મુખ્યમંત્રીએ ભરૂચ વિસ્તારની પાણીની લાંબા સમયની સમસ્યાનો સુખદ નિવેડો આ યોજનાથી આવે તે માટે કલ્પસર વિભાગ સમયબદ્ધ રીતે આગળ વધીને આ યોજના વેળાએ પૂર્ણ કરશે તેવી અપેક્ષા દર્શાવી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ભરૂચ અને અંકલેશ્વર સહિતના વિસ્તારો નર્મદાના કિનારે હોવા છતાં વર્ષોથી મીઠા પાણીનો અભાવ વેઠી રહ્યા હતા તેનો હવે અંત આવશે તેમ આ યોજનાના શુભારંભ અવસરે જણાવ્યું હતું. નીતિનભાઈ પટેલે કહ્યું કે, રાજ્યના ૪ કરોડથી વધુ લોકો નર્મદાના પાણીનો લાભ મેળવે છે. એટલું જ નહિ, લાખો હેકટર જમીન પણ નર્મદા જળથી સિંચિંત થાય છે.

તેમણે કહ્યું કે, આ ભરૂચ વિસ્તારમાં નર્મદાના જળમાં દરિયાના ખારા પાણીનો વ્યાપક આવરો રહેતો હોવાથી ખારાશ વધતી જતી હતી અને પીવા માટે પણ મીઠા પાણી ઉપલબ્ધ ન હતા ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી આ ભાડભૂત બેરેજ યોજના સાકાર થવાની છે અને ભરૂચ-અંકલેશ્વર વિસ્તારની કાયાપલટ થવાની છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કલ્પસર પ્રભાગને આ બહુહેતુક યોજનાના સમગ્ર આયોજન કૌશલ્ય માટે અભિનંદન આપ્યા હતા. સહકાર રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્યો દુષ્યંતભાઈ, અરૂણસિંહ, ભાજપા પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર તેમજ અન્ય પદાધિકારીઓ ભાડભૂત બેરેજ યોજના સ્થળે આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.




અયોધ્યામાં ભવ્ય શ્રીરામ મંદિરનું ભુમિપૂજન કરવામાં આવ્યું તે પ્રસંગે ભાજપ યુવા મંત્રી અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘ ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ ઠાકોર સતિષસિંહ દ્વારા (ઈન્દ્રોડા ગામ) હનુમાનજી મંદિરમાં મહિલા મંડળ દ્વારા સોશિયલ ડિસ્ટન્શનું પાલન કરીને રામ ધૂન કરવામાં આવી હતી.



પવિત્ર શ્રાવણ માસ એટલે તહેવારોનો મહિનો... આજે બોળ ચોથ છે. જેને ઘણા નાગરિકો બહુલા ચોથ તરીકે પણ ઉજવતા હોય છે. આ દિવસે મહિલાઓ વ્રત કરે છે અને સમારેલું શાક અને ઘઉંની વાનગી નહી ખાવાની તેવી માન્યતા પણ છે. જેથી મહિલાઓ આજના દિવસે મગ અને બાજરીનો રોટલો જમવાનું પસંદ કરે છે અને પૌરાણિક કથા અનુસાર ગાય માતાનું પૂજન અર્ચન કરે છે અને ગાયને બાજરી ખવડાવી પૂંછડે જળાભિષેક કરી નમસ્કાર કરે છે. પ્રદક્ષિણા ફરે છે આ પ્રકારે મહિલાઓ બોળચોથની પૂજા-અર્ચના કરી મહિલાઓ આ વ્રતની ઉજવણી કરે છે.

# રમતગમત ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકાય? માહિતી આપશો




નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. મને બાળપણથી જ રમત-ગમત ક્ષેત્રે રુચિ વધુ છે.તો આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકાય?વિકલ્પો વિષે માહિતી આપશો.**

**- પાર્થ વૈષ્ણવ, વડોદરા**

જી બિલકુલ બનાવી શકાય છે. અનેઆ ક્ષેત્રમાં આપ ખૂબ સારી રીતે આગળ પણ વધી શકો છો. પહેલા આ ખેલકૂદ ક્ષેત્ર સમય પસાર કરવાની પ્રવૃત્તિ તથા શારીરિક માવજત કેળવવા માટે જ જાણીતું હતું પરંતુ ખૂબ જ ઝડપથી વિકાસ પામતું, શ્રેષ્ઠ વળતર આપતું અને ગ્લેમર થી ભરપુર કારકિર્દીના શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ખેલકૂદ ક્ષેત્ર હવે ભારતમાં ઝડપથી ઉભરી રહ્યું છે. આપની જેમ ઘણા બાળકો અને યુવાનોમાં રમત ગમત કે ખેલકૂદની ક્ષમતા નૈસર્ગિક રીતે જોવા મળે છે. યોગ્ય પ્રવેશ પ્રક્રિયા અને તાલીમ વડે તે પોતાના મનપસંદના રમત ગમત ક્ષેત્રમાં પોતાની પ્રતિભા અને પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ સુધારો કરી શકે છે. આ ક્ષેત્રમાં આગળ વધવા માગતા યુવાનો પસંદગી મુજબ ખેલાડી બન્યા પછી પણ વિવિધ વિકલ્પો કારકિર્દી પસંદ કરી શકે અથવા વ્યવસાયિક નિષ્ણાતની કારકિર્દી પસંદ કરી શકે છે. કારકિર્દીમાં અનેક વિકલ્પો રહેલ છે જેમ કે વિવિધ રમતોના પ્રશિક્ષક, એમ્પાયર, રેફરી, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપિસ્ટ, સ્પોર્ટ જર્નાલિસ્ટ, સ્પોર્ટ ફોટોગ્રાફર, સ્પોર્ટ પબ્લિક રિલેશન, સ્પોર્ટ એડમિનિસ્ટ્રેટર તથા સ્પોર્ટ્સ મેનેજર જેવી ઘણી અન્ય કારકિર્દી નો સમાવેશ થાય છે. અમુક ક્ષેત્રની વાત કરીએ તો સ્પોર્ટ પ્રશિક્ષણ માં કોઈપણ ખેલાડીનો રમતગમત ક્ષેત્ર ની સફળતાનો શ્રેય મોટે ભાગે તેના પ્રશિક્ષક(કોચ)ને ફાળે જાય છે. આ માટે રમત ગમત સાથે લગાવ ઉપરાંત ખેલાડી તરીકેની તાલીમ અને અનુભવ ખૂબ જ ઉપયોગી નીવડે છે. યુનિવર્સિટીમાં



ચાલતા વિવિધ રમત પ્રશિક્ષણ ક્ષેત્રે વિવિધ ડિપ્લોમા તથા સર્ટિફિકેટ સ્તરના અભ્યાસક્રમ થકી વિદ્યાર્થીઓ વિવિધ શૈક્ષણિક કે રમત ગમત સંસ્થાનોમાં કોચ અથવા ટ્રેઈનર તરીકે ની લાયકાત મેળવી શકે છે. આ ઉપરાંત સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ અથવા ફોટોગ્રાફરની વાત કરીએ તો સ્પોર્ટ્સ મીડિયા ક્ષેત્રે રમતોના પ્રકાશન અને પ્રસારણ કરતાં સમાચાર પત્રો સામયિકો અને ટેલિવિઝન ચેનલોની સંખ્યા સતત વધી રહી છે ત્યારે સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ અને સ્પોર્ટ્સ ફોટોગ્રાફર વ્યવસાય દ્વારા સ્વનિર્ભર બની શકો છો. સ્પોર્ટ એડમિનિસ્ટ્રેશનની વાત કરીએ તો આજે ભારત દેશમાં લગભગ તમામ સાહસિક રમતો માટે સંબંધિત એસોસિયેશન સંસ્થાનો અને કેન્દ્રો કાર્યરત છે અને તેમની પ્રસિદ્ધિ રાષ્ટ્રીય સ્તરે ખૂબ જ વિસ્તરેલી છે ત્યારે આ પ્રકારના એસોસિએશન સંસ્થાનો અને કેન્દ્રમાં મહત્વના વહીવટી બેઠકની ક્ષમતા ધરાવતા અધિકારીઓમાં કાયદો અને વ્યવસ્થની પણ ઊંડી કોઠાસૂઝ ઉપરાંત વિવિધ રમતોના નીતિ નિયમોની તથા તાલિમની માહિતી હોવી જરૂરી છે? આ માટે ડિપાર્ટમેન્ટ ઓફ એડવેન્ચર સ્પોર્ટ્સ દ્વારા વિવિધ સર્ટીફીકેટ તથા પી.જી ડીપ્લોમાના માધ્યમથી યોગ્યતા પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત રમત વીર તરીકે કેન્દ્ર સરકાર તેમજ વિવિધ રાજ્ય સરકારો ઉપરાંત સરકારી એકમો તથા જાહેર ક્ષેત્રના સાહસો માં સ્પોર્ટ્સ ક્વોટામાં વિશેષ ભરતી કરવામાં આવે છે. ઉપરોક્ત સરકારી સંસ્થાનો તથા વિવિધ ખાનગી એકમો રાજ્ય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય લેવલે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓને વિવિધ સંવર્ગમાં નોકરી આપી આકર્ષક પગાર અને વળતર આપી પ્રોત્સાહન પણ આપે છે. આમ આપ આ ક્ષેત્રે અનેક વિકલ્પો થકી શરૂઆત કરી શકો છો અને આપની કારકિર્દી મજબૂત બનાવી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૨. સ્પીપા (સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન) એ શું છે અને એના દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- યોગેશ જાની, ગાંધીનગર**

સ્પીપા(સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન) ની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા રાજ્યકક્ષાની સર્વોચ્ચ તાલીમ સંસ્થા તરીકે ૧૯૬૨માં કરવામાં આવી હતી. ૧૯૭૪માં, સંસ્થાનું પુનઃનામાંકરણ સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન તરીકે કરવામાં આવ્યું. આ સંસ્થા તેની ભૂમિકા પરિપૂર્ણ કરવામાં જરૂરી લવચીકતા મેળવે અને રાજ્ય સરકારની અપેક્ષાઓને પૂરી કરી શકે હેતુસર ઑક્ટોબર, ૨૦૦૪માં તે (ભારતીય સોસાયટી અધિનિયમ હેઠળ નોંધાયેલી) એક સ્વાયત્ત સંસ્થા બની હતી. ગુજરાત સરકારે તેમના કર્મચારી વર્ગની કામગીરીને વધારવા માટે તાલીમને, પ્રયાસ અને પરીક્ષણના અસરકારક સાધન તરીકે સ્વીકૃત કરી છે. ૧૯ એપ્રિલ, ૨૦૦૪થી અમલી બનેલી રાજ્ય તાલીમ નીતિમાં જાહેર સેવા આપનાર સેવક માટે સ્પીપા અથવા અન્ય સ્વીકૃતિ તાલીમ સંસ્થામાં ફરજિયાત તાલીમ માટેનું માળખું તૈયાર કરાયેલું છે. સ્પીપાના પરીક્ષા પ્રભાગ દ્વારા ચાર કેટેગરી માટે



વિવિધ કેડરની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. સીધી ભરતીના અધિકારીઓ/કર્મચારીઓની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા, બઢતી માટેની ખાતાકીય પરીક્ષા, સી.સી.સી પ્લસ પરીક્ષા, રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં સીધી ભરતીથી નિયુક્તિ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા.ખાતાકીય પરીક્ષા ની વાત કરીએ તો એમાં સચિવાલયના નાયબ સેકશન અધિકારી, કારકુન/ટાઈપીસ્ટ અને વર્ગ-૪ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા, ગુજરાત વિકાસ સેવાના અધિકારી/કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા, નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની લાયકાત પરીક્ષા,બિન સચિવાલય વર્ગ-૪ના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા નો સમાવેશ થાય છે. સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં સ્પીપા દ્વારા વિવિધ વિભાગો હસ્તકની જુદી-જુદી કચેરીઓમાં સીધી ભરતીથી નિયુક્તિ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન પેમેન્ટ બેઈઝ પર કરવામાં આવે છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૩. હું ધોરણ ૧૨ પાસ છું. નેવીમાં સેઈલર તરીકે ભરતિ થઈને દેશની સેવા કરવાની ઈચ્છા છે. માહિતી આપશો.**

**- કિશોર ભાભોર, દાહોદ**

ખૂબ જ સરસ વિચાર છે આપનો. આપ ચોક્કસ આ જગ્યા માટે લાયક ઠરી શકો છો. આ જગ્યા અપરિણીત ભારતીય પરૂષો જ અરજી કરી શકે. ઓછામાં ઓછા ૫૫% માર્કસ (મેથ્સ અને સાયન્સ વિષયોમાં) સાથે ધોરણ-૧૦ અથવા ઓછામાં ઓછા ૫૦% માર્કસ (મેથ્સસ અને ફિઝિકસ વિષયોમાં) સાથે ધો-૧૨ પાસ તથા ૧૬ થી ૧૯ વર્ષની વય ધરાવનાર અરજી કરી શકે. ઓછામાં ઓછી શારીરિક ઊંચાઈ ૧૫૭ સેમી હોવી જરૂરી છે.પસંદગી પ્રક્રિયા ની વાત કરીએ તો જાહેરાતના સંદર્ભમાં અરજી કરનાર ઉમેદવારોમાંથી પસંદગીના ઉમેદવારોને ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ અને લેખિત પરીક્ષા માટે કોલ લેટર મોકલવામાં આવે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ પાસ કરવી અનિવાર્ય છે. તે અંતર્ગત ૧ માઈલની દોડ ૭ મિનિટમાં, ૨૦ ઉઠક- બેઠક તથા ૧૦ પુલ અપ્?સ કરવાના હોય છે. લેખિત પરીક્ષાના પ્રશ્નાપત્રોમાં ૪ વિભાગો હોય છે:(૧) ઈંગ્લિશ (૨) સાયનન્સ (૩) મેથ્સ તથા(૪) જી.કે. ગુજરાતમાંથી જામનગર કેન્દ્ર ખાતે આ પરીક્ષા લેવામાં આવે છે. લેખિત પરીક્ષાનું પરિણામ તે જ



દિવસે જાહેર કરવામાં આવે અને ક્વોલિફાય થનારે ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ આપવાની રહે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ માંથી સફળતાપૂર્વક પસાર થનારનું તબીબી પરીક્ષણમાંથી પસાર થયેલ ઉમેદવારનું લેખિત પરીક્ષામાં તેમણે પ્રાપ્ત કરેલ ગુણોને આધારે ઓલ ઈન્ડિયા મેરિટ લિસ્ટ બનાવવામાં આવે અને તે આધારે નિમણૂક અપાય. શરૂઆતમાં ૨૪ અઠવાડિયાંની બેઝિક ટ્રેનિંગ આઈ.એન.એસ. ચિલ્કા ખાતે આપવામાં આવે છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો: ઈમેલ:questions.careercorner@ mail.com વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

## રાંધણ છઠ્ઠ નિમિત્તે મધુરાષ્ટકમ્ - વાનગીઓનું



લાપસી મધુરમ્, ઓરમુ મધુરમ્
શિરો મધુરમ્, ગળમાણુ મધઉરમ્
વેડમી વધુરમ્, બીરંજમ્ મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૧)
મગજમ્ મધુરમ્, મોહનથાળ મધુરમ્
મેસુબ મધુરમ્, જાદરીયુ મધુરમ્
સુખડી મધુરમ્, ટોપરાપાક મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૨)
ઘુઘરા મધુરમ્, હલવાસન મધુરમ્
સુતરફેણી સહ સોનપાપડી મધુરમ્
કુલેરમ્ મધુરમ સાથવો મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૩)
જલેબી મધુરમ્, રસગુલ્લા મધુરમ્
ગુલાબજાંબુ સહ બુંદી પણ મધુરમ્
ચમચમ મધુરમ્, મુરબ્બો મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૪)
બરફી મધુરમ્, પેંડાય મધુરમ્
ખીરમ્ મધુરમ્, દૂધપાકમ મધુરમ્
રબડી મધુરમ્, રસમલાઈ મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૫)
શિખંડમ્ મધુરમ્, ધારીમ્ મધુરમ્
ગાજર દૂધી તણા હલવાય મધુરમ્
ગુલ્ફી મધુરમ્, આઈસ્ક્રીમ મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૬)
મેથીપાક મધુરમ્, અદડિયો મધુરમ્
કાટલુ મધુરમ્, ગુંદરપાક મધુરમ્
ગુલદંડ મધુરમ્, ચ્યવનપ્રાસ મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૭)
શીંગપાક મધુરમ્, તલવટમ્ મધુરમ્
સાબુદાણા તણી ખીરમ્ મધુરમ્
રાજગરાનો જોને શિરો મધુરમ્
મધુરાધિપતે લાડવા મધુરમ્... (૮)

**નોંધ : (૧) વાંચીને મોઢામાં પાણી છૂટ્યુને ?(૨) ડાયાબિટીસવાળાએ વાંચીને કડવી ફાકી ખાઈ લેવી**

**- ભગદિવ ભટ્ટ, 'બિન્દાસ'**

## જન્મદિને વધામણી



હરેશ જી જોશી
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



અલ્પેશ કે ચૌહાણ
મો. ૯૬૨૪૩ ૭૦૭૩૫



ચંદ્રદીપસિંહ ચુડાસમા
સ્ટેટ એક્ઝિક્યુટિવ મેમ્બર
એબીવીપી ગુજરાત અને સહમંત્રી,
ગાંધીનગર એબીવીપી
મો. ૭૭૭૮૦ ૦૦૭૮૨



લતા દેવ
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર ફેમીના
મો. ૯૭૧૪૧ ૦૮૮૭૪



કૈલાસબેન રમેશભાઈ પટેલ
મો. ૯૪૨૬૪ ૦૧૮૨૩



પ્રતિક્ષા એસ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



ધ્વનિ દિક્ષિત બ્રહ્મભટ્ટ



માહી દશરથસિંહ ખેર

**સચેત રહો સુરક્ષિત રહો**